સમ્રાટ્ જ્યૉર્જ

બુલબુલ

પ્રકાશક
ધી ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ,
મુંબઈ

PRINTED AND PUBLISHED
BY I. S. DESAI
GUJARATI·PRINTING PRESS
SASSOON BUILDINGS—FORT,
BOMBAY.




W. & D. Downey — Copyright

સમ્રાટ્

જ્યૉર્જ પાંચમા

મોગલ સામ્રાજ્યનો ગૌરવ રવિ અસ્તપ્રાય દશામાં હતો, અનેક ઘાત પ્રતિઘાત સહન કરી મહારાષ્ટ્રીય સત્તા શિથિલ થઇ ગઈ હતી; અન્ય રાજ્યો મૃતપ્રાય દશામાં હતાં, તે સમયે ઈસ્ટ ઇંડિયા કમ્પનીના પ્રભાવનો વિસ્તાર થઈ રહ્યો હતો. કમ્પનીની સત્તા અંતે સર્વોપરિ જેવી થઈ રહી. ઇસ્ટ ઇંડિયા કમ્પનીની સત્તા ઇ. સ. ૧૮૫૮ સુધી આ દેશપર રહી. ઇ. સ. ૧૮૫૮ માં હિંદુસ્તાન મહારાણી વિકટોરીયાના સત્તાધિકારમાં આવ્યો. શ્રી મહારાણીના સમયમાં આ દેશમાં પૂર્ણ શાંતિ ફેલાઈ. આબાદાની વધવા લાગી. મહારાણી વિકટોરીયા મોટા સામ્રાજ્યનાં સ્વામીની હતાં, અપૂર્વ વૈભવનાં અધિકારી હતાં, છતાં, તેમનો સ્વભાવ અત્યંત દયાળુ,

તેમનું વર્તન સાદું અને હૃદય પ્રજાવત્સલ હતું. આવા ઉમદા ગુણોને લીધે સમસ્ત પ્રજાને તેમને માટે પૂજ્ય બુદ્ધિ હતી.

મહારાણીજીના સ્વર્ગવાસ પછી મર્હુમ શહેનશાહ એડવર્ડ સાતમા રાજ્યારૂઢ થયા, તેમણે માત્ર નવ વર્ષ જ રાજ્ય કર્યું. આ અલ્પ સમયમાં તેમણે પ્રજાની પ્રીતિ સારી સંપાદન કરી. તેમના સમયમાં પરરાજ્યો સાથે બ્રીટીશ સામ્રાજ્યનો સંબંધ સ્નેહભાવથી સંધાયલો રહ્યો. માજી શહેનશાહ સિંહાસનારૂઢ થયા પછી તેમણે જે પ્રથમ ભાષણ કર્યું તેમાં તેઓ બોલ્યા હતા કેઃ—

"અમારાં પૂજ્ય માતુઃશ્રીના આદર્શ માર્ગનું અનુસરણ કરી રાજ્ય કારભાર ચલાવવો અને પૃથ્વીપરનાં સર્વ રાષ્ટ્રો સાથે સ્નેહભાવથી રહેવું, એવી અમારી ઇચ્છા છે."

મર્હુમ શહેનશાહનો સ્વભાવ શાંતિપ્રિય હતો. યુરોપમાં શાંતિ સ્થાપવાને માટે તેમણે સ્તુત્ય પ્રયાસ કર્યાં હતા. આવા શુભ અને યશસ્વી પ્રયત્નોને લીધે **'શાંતિસ્થાપક'** એવું ઉપનામ તેમને મળ્યું હતું. આપણા હિંદુસ્તાનને માટે તેમને વિશેષ કાળજી હતી. તેમના સમયની ઉદાર રાજ્યનીતિને લીધે હિંદુસ્તાનને ઉમદા હક્કો મળ્યા છે. આ યશસ્વી કાર્યને લીધે તેમનો રાજ્યકાળ ઇતિહાસમાં ચિરસ્મરણીય થઈ રહેશે. માજી શહેનશાહ એડવર્ડ પછી યુવરાજ જ્યોર્જ **પાંચમા** એ નામ ધારણ કરી ઇંગ્લાંડના રાજા અને હિંદુસ્તાનના સમ્રાટ્ થયા છે. આ ભાગ્યશાળી રાજાધિરાજ આવતા ડીસે-

મ્બરમાં હિંદુસ્તાન પધારી દીલ્લીમાં મોટો દરબાર ભરી રાજક્રિયા કરવાના છે. જે શહેનશાહ આપણા ઉપર અમલ ચલાવે છે, આપણા હિતનું રક્ષણ કરે છે, તેમનું ચરિત્ર જાણવું જરૂરનું છે.

બાલ્યકાળ.

લંડન શહેરમાં માર્લબરો નામના રાજમહેલમાં ઈ. સ. ૧૮૬૫ ના જૂન માસની ત્રીજી તારીખે રાણી એલે-કઝાંડ્રાને એક પુત્રરત્ન પ્રસવ્યો.



ભાવી સમ્રાટ્‌ના જન્મોત્સવ સમયે જે આનંદમંગળ અને ઠાઠમાઠ થાય છે, તેવો આ સમયે ઠાઠમાઠ થયો નહોતો. આ ઉત્તરાધિકારી જ્યેષ્ટ પુત્રનો જન્મ નહતો. આજે જે કુંવરે જન્મ લીધો તે રાણીના દ્વિતીય પુત્ર હતા. પરંતુ બાળકનાં પિતામહી મહારાણી વિકટોરીયાએ ભારે ઉત્સવથી આ પુત્રરત્નના જન્મોત્સવની ક્રિયા કરી.

એક સમયે રાણી એલેકઝાંડ્રા સુતિકાગૃહમાં પુત્ર સાથે વાસ

કરી રહ્યાં હતાં, તેવામાં એકાએક રાજપ્રાસાદને આગ લાગી. એકદમ અગ્નિ પ્રજ્વળી ઉઠ્યો. ભારે કોલાહલ મચી રહ્યો. શહેનશાહ એડવર્ડ આ આપત્તિના પ્રસંગે સમયસૂચકતાથી પોતાનાં પત્ની અને નવજાત શિશુને નિરાપદ સ્થાને મૂકી આવ્યા; અને પોતે અગ્નિ બુઝાવવાના કાર્યમાં પ્રવૃત્ત થયા. આ અગ્નિમાંથી પોતાનાં બાળક અને પત્નીનું રક્ષણ કરવા પોતે પોતાના પ્રાણની મમતા કરી નહિ. સૌભાગ્યક્રમે અગ્નિ અલ્પ સમયમાં મંદ પડી ગયો અને આગ બુઝાઈ ગઈ.



થોડાક દિવસ પછી રાજકુમારનો નામકરણ વિધિ વીન્ડઝર નામના રાજમહેલમાં ઉજવવામાં આવ્યો. તેમનું નામ પ્રિન્સ જ્યોર્જ રાખવામાં આવ્યું. જો કે તેઓએ ભાવી સમ્રાટ રૂપ જન્મ ગ્રહણ કર્યો નહતો, છતાં, ઘટનાચક્રે તેઓ હાલમાં જ્યોર્જ પાંચમાં એ નામ ધારણ કરી હિંદુસ્તાનના સમ્રાટ્ થયા છે.

પ્રિન્સ જ્યોર્જનો જન્મ થયો તે સમયે તેમના

વડીલ ભાઈનું વય માત્ર દોઢ વર્ષનું હતું. આથી બન્ને ભાઈઓ એક જ રાજધાત્રીના હાથે પ્રતિપાલિત થવા લાગ્યા. દેખાવમાં બન્ને ભાઇઓ લગભગ એકસરખા હતા. એકમેક પરસ્પર બન્નેમાં પ્રેમ હતો. બન્નેને સાથે રહેવું બહુ ગમતું, છતાં, બન્નેની પ્રકૃતિમાં ફેર હતો. આમ પ્રકૃતિમાં ફેર હતો, છતાં, બન્ને વચ્ચે પ્રેમ તો અખંડ જ હતો. જ્યેષ્ટ રાજકુમારને જીવજંતુ સંબંધી વાતો ઘણી પ્રિય લાગતી અને તે કહી સંભળાવવી પણ બહુ ગમતી. પ્રિન્સ જ્યોર્જ ઝાઝું બોલતા નહિ. તેમને શાંત ચૂપ બેસી રહેવું ગમતું હતું. આથી ન્હાનપણમાં તેમને '**નીરવ જ્યોર્જ**' (George the silent) એવું નામ હસ્તાં હસ્તાં પ્રાપ્ત થયું. બન્ને ભાઈ હાસ્ય, કૌતુક અને આમોદપ્રિય હતા. નવું શિખવામાં, નવું જાણવામાં તેમને ઘણો આનંદ થતો. બન્ને રાજકુમારો એવા તો આજ્ઞાધારક હતા કે પિતા, માતા, વા ગુરુજનની આજ્ઞા ભૂલમાં પણ અમાન્ય કરતા નહિ.

એક દિવસ બકિંગહામ (Buckingham) નામના રાજમહેલમાં મહારાણી વિકટોરીયા પરિવારવર્ગ સાથે બેઠાં હતાં. તે સમયે બાલસુલભ ચપલતાને માટે પ્રિન્સ જ્યોર્જને સજા ફરમાવવામાં આવી. મહારાણી શ્રી વિકટો-રીયાએ તેમને ગુપચુપ એક ટેબલની નીચે બેસી રહેવાનો હુકમ કર્યો. દાદીમાનો હુકમ થતાંની વાર રાજકુમાર ટેબલની નીચે શાંત બેસી ગયા. તેઓ એટલા ચૂપકીથી શાંત ભાવે

બેસી રહ્યા હતા કે થોડીવાર પછી મહારાણી વિકટોરી-
યાએ "જયોર્જ બહુ ડાહ્યો છોકરો છે તો" એમ કહી



ટેબલની નીચેથી બહાર આવવાની આજ્ઞા કરી. પ્રિન્સ જયોર્જ
કંઈ નકામા ચુપચુપ બેસી રહ્યા નહતા. તેઓ શરીરપરનો

અંકક ઝભ્ભો વગેરે વસ્ત્ર કાઢી નાખવામાં મશગુલ હતા, અને એમ એક પછી એક સઘળાં વસ્ત્ર કાઢી નાંખ્યા હતાં. મહારાણી વિકટોરીયાની આજ્ઞા સાંભળતાં જ એકદમ ટેબલની તળેથી બહાર નીકળ્યા. પ્રિન્સ જ્યોર્જની નગ્ન મૂર્તિ જોઈ સઘળાંના હસવાનો પાર રહ્યો નહિ. આ અતિ બાલ્યકાળની ઘટના છે. બન્ને ભાઇઓ લંડનવાસીઓને ઘણા પ્રિય હતા. જ્યારે તેઓ પોતાની માતા સાથે ગાડીમાં ફરવા નીકળતા, ત્યારે રસ્તાપર લોકનાં ટોળાં જય જયકાર કરી આનંદ પ્રદર્શિત કરતા અને રુમાલ ઉંચે હવામાં હલાવી તેમની અભ્યર્થના કરતા.

પ્રિન્સ જ્યોર્જની આકૃતિ બાલ્યકાળમાં તો ઘણી જ સુંદર જણાતી. સેક્સન જાતિને અનુરૂપ લોહિતાભ કેશકલાપ અને વાદળી–નીલ હરિત નયન યુગલ તેમના સૌન્દર્યમાં વધારો કરતા હાઇલેન્ડરના વેષમાં તેઓ ઘણા દીપી નીકળતા. આ તરહનો પોશાક તેમને ઘણો સારો દેખાતો.

કિશોર.

બન્ને ભાઇઓના શિક્ષણ માટે રાજા અને રાણી અત્યંત કાળજી રાખતાં. તેઓને અયોગ્ય લાડ લડાવવામાં આવતાં નહિ. રાજકુમારને યોગ્ય રીતભાત અને શીષ્ટાચાર શિખવવામાં અત્યત સંભાળ લેવામાં આવતી. ન્હાનપણમાં બન્ને ભાઇઓને વ્યાયામનો શોખ હતો. પાણીમાં તરવું, ચાક જોડા પેરી બરફપર દોડવું, એમને પસંદ હતું. મહારાણી એલેક-

ઝાંડ્રાએ બાળપણમાં મૂળાક્ષર શીખવ્યા હતા, અને પછીથી બન્ને રાજપુત્રના શિક્ષણ માટે ધર્મયાજક રેવ. જોન પીલ



ડાલ્ટનને શિક્ષક તરીકે યોજવામાં આવ્યા. તેઓ રાજકુમારને ધર્મના શિક્ષણની સાથે ઈંગ્રેજી સાહિત્યનું શિક્ષણ આપતા.

જો કે શિક્ષાનો સઘળો ભાર રે. ડાલ્ટનને શિર હતો છતાં રાણી એલેકઝાંડ્રા આ કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતાં. તેમનાં પુસ્તકની પસંદગી તેઓ કરતાં હતાં. માતાને હાથે બાળક જેટલું કેળવાય છે, એટલું, અન્યને હાથે કેળવાતું નથી. બાલ્ય-કાળના ઉચ્ચ શિક્ષણની અસર વધતી વય સૂધી ખસતી નથી. બન્ને રાજકુમારોના ચરિત્રગ્રંથન પ્રતિ રાણીમાતાની વિશેષ દૃષ્ટિ હતી. મોજમજાહ અને દાંભિકતા એ સર્વ નાશનું મૂળ કારણ છે; એ તેમના મનપર ઠસાવવાને તેમને સાદા પોષાકમાં સજ્જ કરવામાં આવતા, અને તેમને સામાન્ય વર્ગના માણસોમાં હળી મળી સદય અને ઉદાર વ્યવ-હાર કરવાનો ઉપદેશ આપવામાં આવતો. "રાજકુમારો જો કંઈ અવજ્ઞા કરે વા અયોગ્ય વર્તન કરે, તો તેઓ રાજપુત્ર છે, એમ સમજી આંખ આડા કાન ન કરતાં તરત જ યોગ્ય શિક્ષા કરવી" એવી સખ્ત આજ્ઞા તેમના શિક્ષકને કરવામાં આવી હતી. સામાન્ય લોકના પુત્રોને શિક્ષણ સંબંધી જેવી સખ્તાઇ હોય છે, તેવી આ રાજકુમારોના શિક્ષણ માટે હતી.

રાજકુમારોના મનનું વળણ જાણવાને માટે એક પ્રશ્નો-ત્તરનું પુસ્તક રાખવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં "તમારે આગળ જતાં શું થવું ગમે છે?" "કયું પુસ્તક પસંદ પડે છે?" "કયું નામ તમને ગમે છે?" એવા પ્રકારના પ્રશ્નો હતા. એક પરિચિત ગૃહસ્થને આ પ્રશ્નોના ઉત્તર લખી લેવા વિનતિ કરવામાં આવી હતી. પ્રિન્સ જયોર્જે "મને નાવિક

થવું ગમે છે, કેપ્ટન મેરીયટ*નાં પુસ્તકો ગમે છે, મને એલ્બર્ટ એડવર્ડ એ નામ પ્રિય લાગે છે. મને મારા પિતાના જેવા થવું ગમે છે." એવો ઉત્તર લખી આપ્યો.

મર્હુમ શહેનશાહ એડવર્ડ ઈ. સ. ૧૮૭૫ માં હિંદુસ્તાન પધાર્યા, ત્યારે પ્રિન્સ જ્યોર્જને હિંદુસ્તાન આવવાનું ઘણું મન હતું. એટલા માટે તેમણે રડી આક્રંદ કર્યું. છેવટે "તારી બ્હેનની અને માની સંભાળ રાખવા કોઈ જોઇએને? માટે તને હું અહીં રાખું છું. તારે તેમની સંભાળ રાખવી, એ કર્તવ્ય છે." એવું જ્યારે તેમના વડીલે કહ્યું, ત્યારે તેઓ શાંત થયા. આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે, કે આજ્ઞા પાળવામાં તેઓ બાલ્યકાળથી જ દક્ષ હતા.

જ્યારે તેઓ બન્ને બાર કે તેર વર્ષના થયા, ત્યારે ભવિષ્ય જીવનને ઉપયોગી શિક્ષા આપવા વિષે વિચાર કરવામાં આવ્યો. જ્યેષ્ટ રાજકુમારને સૈનિક વિભાગમાં કાર્ય શિખવાની યોજના ઉચિત ગણાઈ. પ્રિન્સ જ્યોર્જને નૌવિદ્યા શિખવાને માટે નૌવિભાગમાં મોકલવાનું નક્કી થયું. પરંતુ કાર્યકાલે ઘટના અન્યરૂપ બની આવી. બન્ને રાજકુમારો વચ્ચે રામ લક્ષ્મણ પ્રમાણે પ્રીતિ હતી. જ્યેષ્ટ રાજકુમાર ન્હાના ભાઇને એટલા બધા ચ્હાતા હતા, કે ઘડીભર તેનાથી વિખૂટા રહી શકતા નહિ. જ્યેષ્ટ રાજકુમારે ન્હાનાભાઈની સાથે

* ઇંગ્લાંડનો નામાંકિત નવલકથાકાર એની નવલકથામાં નાવિક યોદ્ધાઓનાં પરાક્રમોનાં વર્ણન છે.

નૌવિદ્યા શિખવાની ઇચ્છા જણાવી. બન્નેને "ઓસ્ટાનીયા" નામની રણતરીપર મોકલવામાં આવ્યા. યુદ્ધશિક્ષણ મેળવતાં અન્ય શિક્ષણને વિસારે મૂકવું કામનું નહિ, એ લક્ષમાં રાખી, ગૃહ શિક્ષક રે. ડાલ્ટનને પણ સાથે રહેવાનું નક્કી થયું. નૌસૈન્યમાં પ્રથમ ઉમેદવારી કરનારને કેડેટ કહે છે. તેઓની



સાથે રાજકુમારોએ શિક્ષણ લેવાનો આરંભ કર્યો. જે સમયે તેમને રણતરીપર મોકલવામાં આવ્યા તે સમયે, ત્યાંના અધિકારીને કહેવરાવવામાં આવ્યું હતું, કે "જેવાં બીજાં છોકરાં છે તે પ્રમાણે આ રાજકુમારોને પણ ગણજો. અને તેજ પ્રમાણે તેમના શિક્ષણનું વિધાન થવું જોઇએ; રાજકુમાર

છે માટે તેમને અમુક સગવડ કરી આપવી જોઇએ, કે મળવી જોઇએ એમ થવું જોઇએ નહિ. આગબોટપરનાં સર્વ કામ તેમણે કરવાં જોઇએ, તેમાં કોઈ પણ જાતનો ફરક પડવો ન જોઇએ." આ પ્રકારની કેળવણી માટે પૂરતી સંભાળ લેવામાં આવતી. જ્યારે ઇંગ્લાંડના લોકોને ખબર પડી કે ભાવી રાજા અને તેમના કનિષ્ટભાઈએ નૌવિદ્યા શિખવાનો આરંભ કર્યો છે, ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

આપણે ત્યાં બહુધા એમ જોવામાં આવે છે, કે રાજકુમારોનું લાલનપાલન અતિશય લાડથી થાય છે. તેમના શિક્ષણની યોજના સુખ, સ્વચ્છંદતા અને રાજકીય મર્યાદાનુસાર યોજાય છે. કેટલાકને માટે તો આવા પ્રકારની કેળવણી નિરર્થક લેખવામાં આવે છે, એ ઇષ્ટ નથી. રાજકુમારોની કેળવણીની બાબતમાં અત્યંત કાળજી રાખવાથી આપણા મહારાજાની કારકીર્દી લક્ષમાં લેવા જેવી થઈ છે. ઈંગ્લાંડના ભાવિ રાજા અને તેમના કનિષ્ટ ભાઇને જે પ્રકારે શિક્ષણ આપવાની યોજના કરવામાં આવી હતી, તે જગતમાં વિરલ છે. આવા પ્રકારની કેળવણીને લીધે રાજકુમારો વ્યવહારદક્ષ થયા હતા. આ શિક્ષાનીતિના બળે અંગ્રેજ જાતિએ જગતમાં શીર્ષ સ્થાને અધિકાર મેળવ્યો છે. ઇંગ્લાંડના ભાવિ રાજાને વ્યવહારનિપુણ થવા માટે જેવું ઉચિત શિક્ષણ મળ્યું છે, તેવું શિક્ષણ અન્ય રાજકુમારોને ભાગ્યે જ મળતું હશે.

આ પ્રમાણે બેથી અધિક વર્ષ રાજકુમારોએ આગબોટપર ગાળ્યાં. આ અરસામાં તેઓએ સારો અનુભવ મેળવ્યો. તેઓ પોતાનાં મોજાં સાંધતા, કપડાં સમારતા, એટલું જ નહિ પણ વિવિધ આવશ્યક કાર્યો શીખ્યા હતા. આગબોટપર રાજકુમારોનું વર્તન નિરભિમાની અને સર્વજનપ્રિય હતું. મોટાઇનો ખાલી ડોળ તેમનામાં ન હતો. આથી સર્વ ખલાસીઓમાં તેઓ પ્રિય નિવડ્યા હતા.

આ કરતાં વિશેષ અનુભવ મેળવવા માટે ઈ. સ. ૧૮૭૯ માં ઓગસ્ટની ૬ ટ્ઠી તારીખે (Bechante) **બેશાંટે** નામની લઢાઈની આગબોટપર વધારે શિક્ષણ માટે મૂક્યા. તેઓની સાથે તેમના શિક્ષક રે. ડાલ્ટનને પણ મોકલવામાં આવ્યા હતા. આ પ્રવાસની હકીકત બન્ને રાજકુમારોએ પોતે પોતાની રોજનિશીમાં નોંધી રાખી હતી. આ અને કેટલાક પત્રો વગેરેને આધારે આ જલપ્રવાસનું પુસ્તક તેમના ગુરુની દેખરેખ નીચે પ્રસિદ્ધ થયું છે. "**બેશાંટ**પર રહી કરેલું જલપર્યટણ" એ નામનું બે ભાગમાં જે પુસ્તક પ્રસિદ્ધ થયું છે, તેપરથી રાજકુમારો વિષેની સર્વ માહીતી તેમણે પોતે વર્ણન કરેલા પત્રોપરથી મળી આવે છે. આ પ્રવાસ તેમણે સને ૧૮૮૦ માં પૂરો કર્યો.

પ્રવાસથી અને રણતરીપરના શિક્ષણ પ્રભાવે રાજકુમારનું ચરિત્રગ્રંથન ઉત્તમ રીતે થયું. આગબોટપર યુદ્ધશિક્ષણ મેળવનારને કડક શિક્ષણપ્રણાલીમાંથી પસાર થવું પડે છે.

આજ્ઞાપાલનમાં વિલંબ કદિ પણ થવો જોઇએ નહિ. કહે તે ઘડીયે તરત જ હુકમ માન્ય કરવો જોઇએ. વળી કાર્ય પણ ઘડીયાળના યંત્રની માફક નિયમિત રીતે બરાબર થવું જોઇએ. આ સર્વ ગુણો આપણા સામ્રાટ્માં છે. તેમની કર્તવ્યરસિકતા ઉચ્ચ પ્રકારની છે. તેઓ આગબોટપર બીજા નાવિકોની માફક કામ કરતા. સામાન્ય વસ્ત્રો પહેરતા. આગ-



બોટની ઉપરનો ભાગ ધોઇને સાફ કરતા. રાત્રે જાગીને પ્હેરો ભરતા. એ સિવાય જે જે મહેનતનાં કામ નાવિકોને કરવાં પડે છે, તે તેઓ સર્વ કરતા. રાજ-કુમાર છીએ માટે પરિશ્રમજનક કામ ન કરવું, એમ તેઓ લેખતા નહિ. તેમની કર્તવ્યનિષ્ટા એટલી બધી તીવ્ર હતી, કે આ સર્વ ન કરવાં એ નીતિવિરુદ્ધ લેખતા. શીત, ઉષ્ણ કે વૃષ્ટિ સમયમાં આગબોટના શિરો ભાગપર ચઢી કામ કરવામાં લજ્જા માનતા નહિ, કે ભય ધરતા નહિ. તેઓ કેવી રીતે કામ કરતા તે નીચેની વાતપરથી સારી રીતે જણાઈ આવે છે.

એક વખતે **"એશાંટે"** તૂર્કોના સેલોનીકા (Salonica) બંદરપર હતી. આ આગબોટપર ઇંગ્લાંડના રાજકુમારો છે એમ જાણી, એક શ્રીમાન તૂર્ક પાશા તેમને જોવા અને મળવા આવ્યો. આ સમયે તેઓ કોયલા ભરવાનું કામ કરતા હતા. પ્રિન્સ જયોર્જ જ્યારે તે પાશાની પાસે આવ્યા, ત્યારે આખું શરીર કોયલાથી કાળું કાળું થઈ ગયું હતું. તે પાશાને આ રાજકુમાર છે એમ કહેવામાં આવ્યું, છતાં, માન્યું નહિ. વારેવારે કેટલાક જણે કહ્યું, ત્યારે તેની ખાત્રી થઈ. એક સમયે આગબોટ અમેરિકાના એક ભાગમાં હતી. તે સમયે એક ધનાઢ્ય અમેરિકન આગબોટ જોવાને માટે આવ્યો. એક ન્હાના અમલદારને બધે ફરીને આગબોટ બતાવવાનું કામ સોંપવામાં આવ્યું. જ્યારે તે શ્રીમાન્ ગૃહસ્થ બધી આગબોટ ફરી વળ્યો, ત્યારે તેણે રાજકુમાર દીઠા નહિ, તેથી આશ્ચર્ય પામી કહ્યું "કદાચ તેઓ આવી સખ્ત હવાના સમયમાં તળાઈપર પોઢયા હશે?" તરત જ મ્હોટા અમલદારે તેનો ભ્રમ ભાંગ્યો અને કહ્યું કે "તમને આગબોટ ફરીને બતાવનાર પ્રીન્સ જ છે" આ સાંભળી તે ધનાઢ્ય ઘણો અચંબો પામ્યો, કારણ કે તેને આગબોટ ફરીને બતાવતી વખતે તેમનું શરીર કોયલાથી કાળું થયેલું હતું. આ પ્રમાણે તેઓ કોઈ પણ કામ કરવામાં ત્રુટી કરતા નહિ.

તેમણે પ્રથમ પ્રવાસમાં જીબ્રાલ્ટર, **મિનોર્કો**, **પાલેર્મો**, **મેડિરા**, **કેનેરીદ્વીપસમૂહ**, **બાર્બોડાસ**, **ત્રિનીડાડ**, **ગ્રેનાડા**,

સેંટ વિન્સેન્ટ અને જામેકા વગેરે સ્થળો જોયાં. આ સમયે તેમનું વય માત્ર ૧૫ વર્ષનું હતું. આ પ્રવાસ પછી બે મહિને બન્ને રાજકુમાર પૃથ્વીપર્યટણ કરવા નીકળ્યા. એક વર્ષ પૃથ્વી પર્યટણ કરી ઇ. સ. ૧૮૯૧ ના ઓગસ્ટ માસમાં તેઓ ઇંગ્લાંડ આવી પહોંચ્યા. આ અરસામાં તેઓ પોતાની આગબોટ કેરોલથી છોડી વિહુગો મડીરા, અને કેપવર્ડીના દ્વીપ સમૂહ પર્યંત લઈ ગયા. ત્યાંથી તેઓ દક્ષિણ અમેરિકા તરફ વળ્યા. અહીંથી માંટેવિડીયો, બ્યુ-એનીઝ એયર્સ, ફાંકલેંડ આદિ સ્થળોમાં મુકામ કરી ભર સમુદ્રમાં થઈ કેપ ઓફ ગુડ હોપ આવી પહોંચ્યા. જે જે સ્થળે તેઓ જતા, તે સ્થળની ઐતિહાસિક હકીકત અને ભૂગોળનું વર્ણન, તેઓ જાતે શીખી લેતા. આ સિવાય પરચુરણ જાણવા યોગ્ય હકીકત પણ વિસરતા નહિ. પ્રાણીવિદ્યાની હકીકત તેમના શિક્ષક પાસેથી ગ્રહણ કરતા. બ્રિટિશ સત્તા-ધિન દેશોમાં તેમને રાજસન્માન આપવામાં આવતું. આમ તેઓ કેપ ઓફ ગુડ હોપથી આસ્ટ્રેલિયા તરફ વળ્યા. અહીં તેમનો ભારે આદરસત્કાર થયો. અહીંથી તેઓ ફીજી દ્વીપ સમૂહ થઈ જાપાન આવ્યા. જાપાનમાં ત્યાંના શહેનશાહ મીકાડો એ ભારે સત્કાર કર્યો. જાપાનીઝ રીતભાત, તેમની સળીઓથી ખાણું ખાવાની ચાલ, આદિથી રમુજ પામ્યા. જાપાન તેઓએ સઘળો ફરીને જોયો. શહેનશાહનો મહેલ, ત્યાંની કારીગરી, લશ્કરની તપાસ સર્વ અવલોકયું. શહેનશાહને

તેમણે ભેટ આપી. ત્યાંની ધર્મની હકીકત મેળવી. અહીંથી તેઓ શાંઘાઇ, હોંગકોંગ થઈ કોલમ્બો પધાર્યા. અહીં તેમને ઘણી મોજ પડી. હાથીના શિકારમાં સામેલ થયા. અહીંના ધર્મ મંદિરો જોયાં. બુદ્ધ ધર્મના સાહિત્યમાં તેમનું લક્ષ્ય પ્રેરાયું. અહીંથી પાલેસ્ટાઇન ગયા. અહીં જોવા લાયક સર્વ જોઈ તેઓ ઇંગ્લાંડ પહોંચ્યા.

પ્રવાસ એ જ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય સાધન છે. મનુષ્યની અવલોકનશક્તિ અને અનુભવને વિસ્તૃત કરે છે. જ્ઞાનનો વિકાસ કરે છે. પ્રિન્સ જયોર્જ ન્હાનપણથી જ સર્વ વાતમાં બરાબર લક્ષ આપતા. પ્રવાસસમયે વખતો વખત સાર્વજનિક બાબતોમાં લક્ષ આપતા. પ્રવાસ દરમ્યાનની કેટલીક હકીકત જાણવા જેવી છે. તે ઉપરથી તેમનું અંતઃકરણ કેવું દયાર્દ્ર છે તે જણાઈ આવે છે.

જે સમયે રાજકુમાર બ્રિજ ટાઉન હતા તે સમયે ત્યાંના હબસી લોકોએ પોતાની રાજનિષ્ટા ઉત્તમ રીતે દર્શાવી હતી. મહારાણી શ્રી વિકટોરીયાના પ્રપૌત્રના આગમનથી તેઓ હર્ષઘેલા થઈ ગયા હતા. તેમના આવાગમનના સ્મરણમાં એક વૃદ્ધ સિધણે ત્રીજા જયોર્જ રાજાના સમયની ગીની ફેંકી. તેઓએ પોતે પોતાના નોંધમાં લખ્યું છે કે "જયોર્જે આ ગીનીને પોતાની ઘડીયાળની સાંકળીમાં સ્મરણ ચિહ્ન તરીકે રાખી છે." વળી જ્યારે તેઓ ત્રિનીડાડ પધાર્યા ત્યારે એક હબસીએ પચ્ચાશ વર્ષ સુધી જાળવી રાખેલી

એક ચમત્કારિક લાકડી તેમને આપી; અને રાજકુમારે ઇંગ્લાંડ લઈ જવી એવી ઇચ્છા પ્રદર્શિત કરી. રાજકુમારે તેના કહ્યા પ્રમાણે કર્યું. એક સમયે એલ્બેનીમાં **પી. ઓ.** કંપનીની સ્ટીમર તપાસવાનું તેમને હતું તે આગબોટપર જતાં નીચે પ્રમાણે શબ્દો તેમના કાનપર પડ્યા:-"અરે પેલો રાજપુત્ર ક્યારે આવવાનો છે. આ પણ એક પ્રકારનો ત્રાસ છે નહિ વારુ? આ સાંભળી તેમણે જવાબ આપ્યો:-હા, ત્રાસ તો ખરોસ્તો." આ વાતની પેલા નાવિકને ખબર પડી કે બિચારાના પ્રાણ ઉડી ગયા. પરંતુ તેમણે કંઈ કર્યું નહિ. વહાણપરના બીજા માણસોને વાત કરી, ત્યારે તેઓના હસવાનો પાર રહ્યો નહિ.

પ્રિન્સ જ્યોર્જ છૂટીનો સમય વ્હાણપર વાંસળી વગાડવામાં ગાળતા. વખતો વખતે અન્ય નાવિકોની સાથે નૃત્ય ગીતમાં જોડાતા. આ દરિદ્ર નાવિકોના સહવાસથી તેમના મનમાં મ્હોટાઇનો ખોટો ખ્યાલ હમેંશને માટે જતો રહ્યો છે. તેમનું હૃદય એટલું બધું અહંકારશૂન્ય હતું કે કોઇ તેમને 'પ્રિન્સ' નામથી બોલાવે તો તેઓ વિરક્તિ જણાવતા. તેઓ કહેતા કે મને માત્ર સામાન્ય નામથી સંબોધો.

દેશ દેશની પોસ્ટની ટીકીટો એકઠી કરવાનો તેમને શોખ હતો. એક દિવસ તેમના જહાજપર એક ખલાસીએ આવીને કહ્યું કે:-"એક નાવિક પાસે જૂદા જૂદા દેશની કેટલીક દુષ્પ્રાપ્ય ટીકીટો છે. તે તમને આપવા ચ્હાય છે." નાવિક

જયોર્જે તે ટીકીટ આનંદથી લીધી અને પોતાના ખાનામાં ટીકીટો રાખી હતી તેમાંથી એક એક કાઢીને પેલા ખલાસીને આપી. તે ખલાસીએ એ ટીકીટો પાછી આપી કહ્યું. "હું **જયોર્જ**ને આ ટીકીટો પણ ઉપહાર આપું છું." નાવિકની આ પ્રમાણે વાત સાંભળી પ્રિન્સે કહ્યું:–"**જયોર્જ** આ પ્રમાણે ઉપહાર લેવાને **અસમર્થ** છે." એમ કહી તેની હતી તે ટીકીટો પાછી આપી.

નાવિક જીવન.

પ્રિન્સ આલ્બર્ટ વિકટર અને **પ્રિન્સ જયોર્જ** સાથે જ રહેતા હતા અને એકમેકને પરસ્પર પ્રેમ હતો. **પ્રિન્સ આલ્બર્ટ વિકટર** યુવરાજ હતા અને તેમને ઉપયુક્ત કાર્ય શિખવા માટે નૌવિભાગમાંથી છૂટા પડવું પડ્યું અને તેઓ ઇ. સ. ૧૮૮૪ માં છૂટા પડ્યા. રાજકુમાર **જયોર્જ** પોતાના પ્રિય કાર્યને વળગી રહ્યા. તેઓએ નૌવિદ્યામાં ઘણી જ પારદર્શિતા મેળવી. તેઓ નૌકાયનનો વધારે અભ્યાસ કરવા **ગ્રીનીચ** (Greenitch) ની **રોયલ** નેવલ કોલેજ (Royal Naval College) નામના નૌવિદ્યાલયમાં દાખલ થયા. અહીં ટોર્પેડો-નાવનાશક હોડી સંબંધી શિક્ષણ આપનારા વિભાગમાં દાખલ થયા. અહીં તેમનો ગુરુ લેફ્ટનન્ટ **પર્સી સ્કોટ** હતો. અલ્પ સમયમાં તેમણે એવું સારું અધ્યયન કર્યું કે તેઓ સબ લેફ્ટેનન્ટના અધિકારપર નિમાયા. તેમની કાર્યકુશલતા જોઈ તેમને એક વર્ષમાં લેફ્ટેનન્ટ (Lieutenant)ના પદપર નિયુક્ત કરવામાં

આવ્યા. આ પદ તેમને ઈ. સ. ૧૮૯૫ માં મળ્યું. તેમણે પછી થંડરર, ડ્રેડનોટ, અને એલેકઝાંડ્રા નામની યુદ્ધની આગબોટોપર કામ કર્યું આ પછી તેમણે કેપ્ટનની પરીક્ષા આપી; અને અમેરિકાના પૂર્વ કિનારાપર કામ કરતી થ્રશ નામની લઢાઉ આગબોટપર કામ કયુ. તેમણે નૌવિદ્યામાં મેળવેલી પ્રવિણુતાના સંબંધમાં અનેક રાજપુરુષોએ મુક્ત કંઠથી પ્રશંસા કરી છે. કર્તવ્ય બજાવવાના તેમના ઉત્સાહના સંબંધમાં એક વાત છે.

ઈ. સ. ૧૮૮૯ ના જાન્યુઆરીની પ્હેલી તારીખે ચેલન સ્કોડ્રનના નોર્થાંબરલેન્ડના ફ્લેગશીપપર તેમની નિમણુક થઈ. તે જ વર્ષમાં આગબોટની કવાઈત થઈ તે સમયે રાજકુમાર જયોર્જ ૭૧ નંબરની ટોર્પેડો બોટપર મુખ્ય અધિકારી હતા. આ સમયે ગુડવુડમાં શરત થનારી હતી. માટે તેમને તેમના માતાપિતાએ બોલાવ્યા. આ સાંભળી તેઓ બોલ્યા:—"એ તો ઠીક પણ મારી આગબોટનું શું ?" એડમીરલે જવાબ આપ્યો કે "એની બીજી વ્યવસ્થા થઈ શકશે." એડમીરલનો આ વિચાર તેમને રુચિકર થયો નહિ. તેમણે કહ્યું, "તે કાંઈ નહિ. સ્પીટહેડ આગબોટને લઈ જવાનો મને હુકમ થયો છે; તે પ્રમાણે થવું જોઇએ." આપરથી તેઓ કેટલા કર્તવ્યદક્ષ હતા તે જણાઈ આવે છે. જનસ્વભાવનું સૂક્ષ્મ અવલોકન જહાજપર રહી તેમણે કર્યું છે. જ્યારે તેઓ થ્રશ નામની રણતરિપર કામ કરતા હતા. ત્યારે તેમને તે વહાણમાં એક નાવિકને કેદી

તરીકે લઈ જવાનું કામ સોંપેલું હતું. આ નાવિકનું નામ તોફાની ગેરવર્તન કરનારની શ્રેણીમાં હતું. જ્યારે તેની કેદની મુદત પૂરી થતાં તેને તેના વહાણપર જવાનો સમય આવ્યો, ત્યારે રાજકુમારે તેની બદલી પોતાના વહાણપર કરાવી. પછી તે નાવિકને બોલાવી કહ્યું: "જો! તને તારાં પાછલાં કૃત્યની માફી આપવામાં આવે છે. હું તારી પાસે કંઈ વચન માગતો નથી પણ, તારી કર્તવ્યનિષ્ટાપર વિશ્વાસ રાખું છું. ભવિષ્યની ઉન્નતિનો આધાર તારા પોતાના હાથમાં છે. તારો પગાર તો બંધ છે. પણ તને આ સોવરીનનો સિક્કો આપું છું. પ્રભુ તને સારું કામ કરવા મદદ આપે અને ખોટું કરતાં બચાવે." કહેવાની જરૂર નથી કે આ માણસ રાજકુમારના કહેવાથી તદ્દન સુધરી ગયો. તેની ભવિષ્યની જીંદગી બદલાઈ ગઈ.

આ પ્રમાણે રાજકુમાર **જ્યોર્જ** નાવિક જીવન સુખરૂપ ગાળતા હતા. પરંતુ તેમના ઉપર દુઃખનું વાદળ એકાએક ચઢી આવ્યું. ઈંગ્લાંડના ભાવી રાજા, તેમના ભાઈનું દુઃખદ મૃત્યુ થયું. બન્ને ભાઈનો અતોનાત પ્રેમ હતો. પોતાના વડીલ ભાઈનું દુઃખદ મરણ સાંભળી તેઓ શોકવિહ્વલ થયા. પરંતુ તેમને કર્તવ્ય આગળ દુઃખને વેગળું કરવું પડ્યું.

એટલામાં પાર્લામેન્ટની મહા સભાએ રાજકુમાર **જ્યોર્જ**ને ભાવી ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યા. અને તેમને **ડ્યુક ઓફ યોર્ક**ની ઉપાધિ આપી. તેઓ ઈંગ્લાંડ આવ્યા. જેમણે તરંગમય સાગરપર આ જીવન વ્યતિત કરવાનો સંકલ્પ કર્યો

હતો; તેમને સામાન્ય નાવિકનું જીવન છોડવું પડ્યું. બાલ્યકાળથી મનમાં પોષેલું સુખસ્વપ્ન ભાંગી પડ્યું. રાજલક્ષ્મી સિંહાસન ગ્રહણ કરવાને આહ્વાન કરવા લાગી. આ આકસ્મિક પરિવર્તનથી તેમને અભિમાન આવ્યું નહિ. નવાં કર્તવ્યમાં જોડાવા તેઓ તત્પર થયા.

વિવાહ.

ઇ. સ. ૧૮૯૩ માં રાજકુમાર **જ્યોર્જ**નાં લગ્ન રાજકુમારી **વિકટોરીયા મેરી** ઓફ્ ટેકની સાથે થવાનાં નક્કી થયાં; જે નામદાર અત્યારે આપણાં મહારાણી **મેરી**ના નામથી પરિચીત છે.

મહારાણી **મેરી**નો જન્મ ઇ. સ. ૧૮૬૭ ના મે માસની ૨૬ મી તારીખે થયો હતો. તેમના વડીલ ડયુક ઓફ્ ટેક અને માતુશ્રી ડચેસ ઓફ્ ટેક બન્નેએ બાળપણથી તેમના શિક્ષણને માટે સારી કાળજી રાખી હતી. ન્હાનપણથી જ મર્યાદશીલ વર્તન, વિનય, દયા આદિ ગુણો વિકાસ પામે તેને માટે કાળજી રાખવામાં આવી હતી. નકામાં લાડ લડાવવામાં કે નાહક સમય નષ્ટ કરવામાં શિક્ષણનો અમુલ્ય સમય બગાડવામાં નહોતો આવ્યો. બાલ્યકાળથી જ યોગ્ય શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમનો સોળ વર્ષ સુધીનો સમય શિક્ષણસંપાદન કરવામાં અને બાલ્યાવસ્થાને યોગ્ય ખેલમાં વ્યતિત થયો હતો. તેમના શિક્ષણની વ્યવસ્થા ઘેર તેમનાં માતાપિતાતાના નિગેહબાની હેઠળ કરવામાં આવી



હતી. તેમનાં માતપિતાની ઉત્તમ વર્તણુકની અસર તેમના ઉપર સારી રીતે પડેલી છે. તેઓ ઈ૦ સ૦ ૧૮૮૪ માં પોતાના માતપિતાની સાથે ઈટલી ગયાં. ત્યાં ફ્લોરેન્સ નગરમાં રહી દોઢ વર્ષ સુધી લલિત કળા સંપાદન કરી. લગ્ન સમય સુધીનો ઘણોખરો સમય તેમણે પ્રવાસમાંજ વ્યતિત કર્યો છે. વખતો વખત તેઓ પોતાના સ્વદેશમાં પ્રિયસ્થાન વ્હાઈટ લોજમાં આવી રહેતાં.

ઈ૦ સ૦ ૧૮૯૧ ના ડીસેમ્બર માસમાં તેઓ માતપિતા સાથે ફ્રાન્સમાં હતાં ત્યારે તેમનું લગ્ન ઇંગ્લાંડના ભાવી ઉત્તરાધિકારી આલ્બર્ટ વીકટર સાથે ઠર્યું હતું. પરંતુ દૈવેચ્છા બળવાન છે. મનુષ્યની ધારણા એક હોય છે અને નીપજે છે કંઈ બીજું. લગ્નને માટે ખુશી ખુશાલી સર્વ ઠેકાણે પ્રદર્શિત થતી હતી, એવામાં અચાનક ઈન્ફ્લુએન્ઝાના દરદથી કુમાર પછડાયા અને અંતે દરદને ભોગ થઈ પડ્યા. આથી રાજકન્યા મેરીની સ્થિતિ અત્યંત શોચનીય અને કરુણાસ્પદ થઈ.

ઇ. સ. ૧૮૯૩ માં મે માસની ૩ જી તારીખે રાજકુમાર જ્યોર્જે પ્રિન્સેસ મેના હાથની માગણી કરી. આ વાતનો તેમણે સ્વીકાર કર્યો. સ્વ. મહારાણી શ્રી વિકટોરીયાને આ વાત માલુમ પડી, ત્યારે તેમણે પણ તે વિશે ઘણો જ સંતોષ પ્રદર્શિત કર્યો. અને તેમની પણ મનપૂર્વક એવી જ ઇચ્છા હતી.

ઇ સ. ૧૮૯૩ ની ૬ ઠ્ઠી જુલાઇએ શુભ વિવાહ કાર્ય

પૂર્ણ થયું. વિવાહ સભામાં મહારાણી શ્રીવિકટોરિયા, રાજકુમારના પિતા યુવરાજ એડવર્ડ, માતા એલેકઝાંડ્રા, ડેનમાર્કનાં રાજા રાણી, ઝાર અને યુરોપના રાજ્યના પ્રતિનિધીઓ હતા. કેટલીક ભદ્ર મહિલાઓએ વિવાહ સભાને શોભા આપી હતી. લગ્નની ક્રિયા સેન્ટ જેમ્સ (St. James) ના દેવળમાં, આર્ચબીશપ ઓફ કેન્ટરબરીના હાથે થઈ. વિવાહ કાર્ય પૂર્ણ થતાં સો તોપો ફોડવામાં આવી

વિવાહ કાર્ય પૂર્ણ થયા પછી નવદંપતિ જ્યારે બકીંગહામ રાજ્યભવનમાં જવા માંડ્યાં, ત્યારે, રસ્તામાં બન્ને બાજુએથી તેમનાપર હારની અને ફૂલની વૃષ્ટિ થવા માંડી. ચારે તરફથી આનંદ ધ્વનિના પોકાર થવા લાગ્યા. બકીંગહામ રાજ્યભવનથી સ્ટ્રેડીંગહામ તેઓ પધાર્યા. રાત્રે શહેરમાં રોશની કરવામાં આવી.

નવ દંપતિના નિવાસ માટે યોર્ક કોટેજ નક્કી કરવામાં આવ્યો. ત્યાં તેઓ અતિ સુખથી વાસ કરવા લાગ્યાં.

મહારાણી મેરી ઇંગ્લાંડના રાજવંશીય કુળમાં ઉત્પન્ન થયેલાં છે, એ જાણી ઇંગ્લાંડના લોકો ઘણા આનંદ માને છે. મહારાણી જેવાં રૂપવાન છે તેવાં જ ગુણવાન છે. શિલ્પવિદ્યામાં તેમણે ઘણી પ્રવીણુતા પ્રાપ્ત કરી છે. શિલ્પકાર્યમાં દક્ષતા મેળવવાને ધૈર્યની જરૂર છે. આ ગુણ તેમનામાં પૂર્ણપણે છે. તેઓ ઘણાં નમ્ર અને દયાવંતિ છે. તેઓ ગૃહકાર્યમાં ઘણોજ ઉત્સાહ રાખે છે. છોકરાંની કેળવણીપર તેઓ જાતે



લક્ષ આપે છે. ઘરનાં લુગડાં તેઓ હાથે શીવે છે. કર્તવ્ય પ્રતિ વિરાગ નથી. જેઓ તેમના પરિચયમાં આવે છે તેઓ એમના ગુણથી મુગ્ધ થાય છે. તેમનો ગૃહકાર્યમાં ઉત્સાહ સ્ત્રીઓને બોધ લેવા જેવો છે.

આપણા રાજાના ગુણ વિષે આગળ કહેવામાં આવ્યું છે. મહારાણી પણ સદ્‌ગુણસંપન્ન છે. તેમનો સ્વભાવ કોમળ અને દયાળુ, ધાર્મિક વૃત્તિ અને મનમિળાઉ પ્રકૃતિ છે. વાંચનનો વ્યવસાય તેમને પ્રિય છે, અને પુષ્કળ વાંચનને યોગે બહુ-શ્રુતપણું તેમનામાં છે. અર્થાત્ કે રાણી **મેરી** આપણા શહેન-શાહનાં પ્રકૃત 'સહધર્મિણી' છે, એમાં લેશ પણ શક નથી.

કોઇ પણ પ્રકારનો આડંબર કે વૃથા બકવાદ તેમને પ્રિય નથી. શાન્ત ભાવે કાલયાપન કરવાની તેમની સ્પૃહા એટલી પ્રબળ છે કે બાલ્યકાળથી, તેઓ સામાજિક આમોદપ્રમોદમાં વિશેષ ભાગ લેતાં નહિ. આવા આમોદપ્રમોદ કરતાં શિલ્પ અને સાહિત્યની આલોચનામાં તેમનો આગ્રહ અને અધ્ય-સાય વિશેષ હતો. નિરવ જીવન ગાળવામાં પણ મહારાણી "નિરવ **જ્યોર્જ**"નાં યથાર્થ અર્ધાંગના છે. મહારાણીને ઇ. સ. ૧૮૯૪ માં એક પુત્ર રત્ન સાંપડ્યો. તેઓનું નામ પ્રિન્સ એડવર્ડ છે. હાલ તેઓ યુવરાજ **પ્રિન્સ ઓફ વેલ્સ** છે.

યુવરાજ.

ઇ. સ. ૧૯૦૧ માં મહારાણી શ્રી **વિક્ટોરીયા** આ લોક છોડી પરલોકવાસી થયાં. મહારાણી શ્રીના મૃત્યુપછી યુવ-

રાજ—પ્રિન્સ ઓફ વેલ્સ **એડવર્ડ** નામ ધારણ કરી ઇંગ્લાંડના રાજા અને **ભારત** સમ્રાટ **થયા**. પ્રિન્સ **જ્યોર્જ** તે સમયે યુવરાજ (Prince of Wales) થયા. ઈંગ્લાંડના યુવરાજને પૃથાનુસારે "**પ્રિન્સ ઓફ વેલ્સ**"ની ઉપાધિ આપવામાં આવે છે, યુવરાજ **જ્યોર્જ** પત્ની મેરી સાથે **માર્લબરો** નામના રાજપ્રાસાદમાં રહેવા લાગ્યા.

પ્રિન્સ **જ્યોર્જ** યુવરાજ થયા તેથી તેમના મનને અહંકાર કે ગર્વ પ્રાપ્ત થયો નહિ. નાવિક જીવન સમયે તેઓ લોકોની સાથે જેવી રીતે વિનય પૂર્ણ નમ્ર વ્યવહાર કરતા તે જ પ્રમાણે તેમનું વર્તન હજી સૂધી છે. તેઓ સર્વદા કોઇ પણ કાર્યમાં ગુંથાયલા રહે છે. એક ઘડી પણ નકામી ગુમાવતા નથી. બાલ્યકાળથી જ 'કર્મ' એ જ તેમના જીવનનું વ્રત છે. ખરેખર તેઓ કર્મવીર છે.

આશ્રિત જનોના પાલનમાં અને પરદુઃખમોચનમાં તેઓ હમેશાં રત રહે છે. આવાં કાર્યો કરવામાં તેઓ લેશ પણ આળસ કરતા નથી. યુવરાજનું હૃદય દયાથી પરિપૂર્ણ રહેતું અને રહે છે. રોગીઓ પ્રતિ તેઓ સહાનુભૂતિ હમેંશ જણાવે છે. તેઓ કોઇ પણ જાતની ખબર આપ્યા વિના ઇસ્પીતાલમાં જઇ ચઢતા અને દુઃખી દરદીઓની વાત સાંભળતાં સાંભળતાં નેત્રમાંથી આસું સારતા. મિષ્ટ વાક્યથી, નરમાશ ભરેલી વાણીથી, તેઓ તે સર્વના અભાવ દૂર કરવા પ્રયત્ન કરતા. દુઃખીને જો તેઓ કોઇ પણ પ્રકારે સાંત્વન આપી શકતા તો તેમના આનંદની સીમા રહેતી નહિ.

પોશાક ધારણ કરવામાં પણ તેમને સાદાઇ વિશેષ પસંદ છે. તેઓ કોઇ પણ પ્રકારના આડંબર વગરનો સૈનિક વેશ પહેરતા. બાલ્ય કાળથી જ નાવિક વિદ્યામાં તેમનું મન વિશેષ રહેતું તેથી તેમને એ અવસ્થામાંથી સૈનિકનો વેશ પસંદ છે. સૈન્ય વિભાગમાં તેમને સેનાપતિનો જ પહેરવેશ ધારણ કરવાનો અધિકાર છે, તે કોઈ ઠેકાણે બ્હાર જવું હોય ત્યારે તેઓ ધારણ કરી નીકળે છે.

દેશભ્રમણ.

પ્રિન્સ જ્યોર્જ બ્રિટિશ સામ્રાજ્યનાં સઘળાં સ્થાન ફરીને જુએ એવી મહારાણી શ્રી વિક્ટોરીયાની ઇચ્છા હતી. આમ પ્રવાસથી જ્ઞાનની વૃદ્ધિ થાય એટલું જ નહિ પણ પ્રત્યેક દેશમાં જાતે જઈ આવવાથી તે દેશના અધિવાસીઓના સ્વભાવ, તેમની સ્થિતિ યથાર્થ જણાઈ આવે. આ કાર્ય પ્રિન્સ જ્યોર્જ કરે ત્યાર પ્હેલાં મહારાણી શ્રીનું મૃત્યુ થયું.

ઓસ્ટ્રીલીયામાં વસતા અંગ્રેજોને બ્રિટિશ સામ્રાજ્યાધીન સ્વાતંત્ર્ય આપવાનું નિશ્ચિત થયું. ત્યાં નવી પાર્લામેન્ટ સ્થાપન કરવાનું નક્કી થયું. આ નવી પાર્લામેન્ટ ઉઘાડવાને શહેનશાહ એડવર્ડે યુવરાજ જ્યોર્જને ઓસ્ટ્રેલિયા મોકલ્યા. યુવરાજ પોતાના પિતાની આજ્ઞા પૂર્ણ કરવા ઈ. સ. ૧૯૦૧ ના માર્ચની ૧૦ મી તારીખે પોતાનાં પત્ની સાથે 'ઓફિર' નામના જહાજમાં બેસી ઓસ્ટ્રેલિયા પ્રતિ પ્રયાણ કીધું.

"ઓફિર" યુવરાજ અને તેમનાં પત્નીને લઈ સાગરવક્ષ

અતિક્રમ કરવા લાગી. જહાજપર યુવરાજને પોતાના નાવિક જીવનની સ્મૃતિ ફરીથી જાગૃત થઈ. પરંતુ આની સાથે પોતાના પ્રિયતમ મ્હોટા ભાઈનું સ્મરણ થતાં તેમની મુખ-કાન્તિ વિષાદમય થઈ. 'ઓફિર' સ્પિટહેડથી જિબ્રાલ્ટર જઈ પહોંચી. ત્યાંથી એડન અને સિલોન થઈ ઓસ્ટ્રેલિયા પહોંચી. ત્યાં જે કાર્યને માટે તેમને મોકલવામાં આવ્યા હતા તે કાર્ય ઉત્તમરૂપે પૂર્ણ કર્યું. ઓસ્ટ્રેલિયાવાસીઓએ તેમનો પરમ આદર સત્કાર કર્યો. તેઓએ પોતાના અનુકરણીય વ્યવહારથી ઓસ્ટ્રેલિયાવાસીઓની પ્રીતિ સંપાદન કરી. ઓસ્ટ્રેલિયાથી ન્યુઝીલાંડ, ટાસ્માનિયા, મોરેશિયસ. અને કાનડા થઈ તેઓ ઈંગ્લાંડ પહોંચ્યાં.

મહારાજા એડવર્ડ જ્યારે પ્રિન્સ ઓફ વેલ્સ હતા, ત્યારે તેઓ હિંદુસ્તાન જોવાને પધાર્યા હતા. યુવરાજ જ્યોર્જને પણ હિંદુસ્તાન મોકલવાની તેમની ઇચ્છા હતી. ઈ. સ. ૧૯૦૩ના જાન્યુઆરી માસમાં હિન્દુસ્તાનની પ્રજાને તેમણે જે સંદેશો મોકલ્યો હતો, તેમાં જણાવ્યું હતું કેઃ–


"પ્રિન્સ ઓફ વેલ્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સ ત્યાં આવીને હિંદુસ્તાન પ્રત્યક્ષ જૂએ એવી અમારી ઉત્કટ ઇચ્છા છે. અને તેઓ પણ ત્યાં આવવાને ઉત્સુક છે, તેથી ઉભય થોડા સમયમાં ત્યાં આવી ત્યાંના દેશજનોથી પરિચીત થશે."

આ પ્રમાણે તેઓ ઈ. સ. ૧૯૦૫ના ઓક્ટોબર માસમાં 'રિનાઉન' આગબોટમાં હિંદુસ્તાન આવવા નીકળ્યા. નવે-

મ્બરની ૯ મી તારીખે તેઓ મુંબઈ આવી પહોંચ્યા. મુંબઈમાં તેમનો અપૂર્વ આદરસત્કાર થયો. તેમનું સ્વાગત કરવાને રાજા રજવાડા પુષ્કળ હાજર હતા. યુવરાજ્ઞીને મુંબઈની સ્ત્રીઓએ પરદા પાર્ટી કરી એક માનપત્ર આપ્યું. આ માનપત્રનો સમારંભ અપૂર્વ ઠાઠથી કરવામાં આવ્યો હતો. દેશી સ્ત્રીઓએ તેમનાં ઓવારણાં લીધાં હતાં. યુવરાજ્ઞી આથી વિશેષ આનંદ પામ્યાં હતાં. અહીં પધારી તેઓએ કન્યાકુમારીથી હિમાલય સૂધી, અને સિંધથી તે બ્રહ્મદેશ સૂધી સર્વ મુલક અવલોકયો. જ્યાં જ્યાં તેઓ ઉપસ્થિત થતા, ત્યાં ત્યાં તે દેશના નાગરિકો તેમની અભ્યર્થના કરી આદર સત્કાર કરતા. યુવરાજ માત્ર આમોદપ્રમોદને વાસ્તે હિન્દુસ્તાન ફરવા આવ્યા નહતા. ભારતીય પ્રજાની યથાર્થ સ્થિતિ હૃદયંગમ કરવાની તેમની આન્તરિક ઇચ્છા હતી. તેઓ સર્વ શ્રેણીના લોકો સાથે મળતા અને વાતચિતના પ્રસંગમાં જાણવાનું જાણી લેતા. દેશની પ્રકૃત સ્થિતિથી વાકેફગાર થવાને વાસ્તે તેઓ માત્ર નગરમાં જ નહિ પણ ગામડામાં પણ જતા. મુંબઈમાં આપણા સુપ્રસિદ્ધ નાગરિક સર ફિરોજશાહ મહેતાને તેઓ મળ્યા હતા. કલકત્તામાં 'અમૃત બજાર પત્રિકા'ના તંત્રી શ્રીયુત્ મતિલાલ ઘોષને મળી વાતચીત કરી, દેશની હકીકત મેળવી હતી. શ્રીયુત મંતિલાલ ઘોષે અભ્યર્થના કરી હતી, કેઃ—"મહારાજ ઇંગ્લાંડના લોક જેમ આપના પ્રજાજન છે તેજ પ્રમાણે હિન્દુસ્તાનના લોક

પણ આપની પ્રજા છે એ સ્મરણમાં રાખી એમનાપર વિશેષ પ્રકારની કૃપા દૃષ્ટિ રાખશો" આના પ્રત્યુત્તરમાં યુવરાજે કહ્યું હતું જે:-

"હિન્દુસ્તાનના લોકને હું કદી પણ વિસરીશ નહિ. તેમણે મારું ઉત્તમ પ્રકારે સ્વાગત કર્યું છે તેથી મને અત્યંત આનંદ થાય છે; અને એ હું મારા પિતાજીને વ્યક્ત કરીશ. વળી હિન્દુસ્તાનના પ્રજાજન વિષે છે તેથી અધિક સહાનુભૂતિ મનમાં રાખવી એ પણ હું તેમને જણાવીશ."



આ ઉપરથી તેમનો અતિશય દયાળુ સ્વભાવ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. હિન્દુસ્તાનમાં પોતાનો પ્રવાસ પૂર્ણ કરી જ્યારે તેઓ ઇંગ્લાંડ પહોંચ્યા, ત્યારે લંડનમાં લોર્ડ મેયરે એક મીજબાની આપી. ત્યાં તેમણે એક ભાષણ કર્યું હતું. આ ભાષણમાં ભારત સમ્બન્ધી જે ઉદ્દગાર તેઓએ કાઢ્યા હતા, તે ચિરસ્મરણીય છે. તેમાંનો કેટલોક ભાગ નીચે આપીએ છીએ.

"અતિ અલ્પ સમય **ભા**રતમાં પ્રવાસ કર્યા પછી મારી એવી ધારણા છે કે **ભા**રતવર્ષ એક દેશ નહિં પણ એક મહાદેશ કહેવાય. આ મહાદેશ **રુ**શિયા બાદ કરતાં અવશિષ્ટ **યુરોપની સમાન છે**. એ દેશમાં વિભિન્ન ભાષાભાષી, વિભિન્ન ધર્માવલંબી ત્રિશ કરોડ માણસો વાસ કરે છે. અમે એ દેશનાં વિસ્તૃત સ્થાન, શહેરોની મણિમાણિક્ય ખચિત અટાલિકા, વિવિધ જાતિ, નાના પ્રકારનાં હવા પાણી, બરફ આચ્છાદિત પર્વતશૃંગ, વિસ્તૃત વાલુકામય મરુભૂમિ, વેગવતી **વિ**સ્તૃત, નદીઓ, મંદિરો, મોન્યુમેન્ટ વગેરે જોઇ તેમનો **પૈ**રાણિક ઇતિહાસ જાણી આશ્ચર્ય પામ્યાં. **ભા**રતના દેશજનોની સરળતા, રાજભક્તિ અને ધર્માનુરાગથી હું પૂર્ણ વાકિફગાર થયો છું. આપણા સદ્‌વિચાર, સુશાસન અને સાધુતા પ્રતિ તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. (આનંદધ્વનિ) **ભા**રતવર્ષની સઘળી હકીકત જાણ્યા પછી મને લાગે છે, કે **ભા**રત સામ્રાજ્યના શાસનમાં જો કંઈ વધારે સહાનુભૂતિ દર્શાવવામાં આવે તો **ભા**રત શાસન વધારે સરળ થાય. (આનંદધ્વનિ) જો હું સાહસ કરી ભવિષ્ય વાણી કરૂં તો—જો ભારતવાસીઓ તરફ એ પ્રમાણે સહાનુભૂતિ બતાવવામાં આવે તો તેઓ એ સહાનુભૂતિને ઉચિત કૃતજ્ઞતા દર્શાવવા કદિ પણ પરાઙ્મુખ થશે નહિ. મુંબઈપર પગ મૂકતાં ત્યાંનો મનોહર દૃશ્ય જે નજરે પડ્યો તેની મનોજ્ઞ છબી તમારા સમક્ષ આંકવાની અમારી ઇચ્છા છે. આ મનોહર દૃશ્ય હું

કદિ પણ ભૂલિશ નહિ. સમુદ્ર તીરવર્ત્તી ઘાટ, સુંદર રૂપે શણગારવામાં આવ્યો હતો. ભિન્ન ભિન્ન જાતિના લોકો બહુ મૂલ્ય વસ્ત્રો સજી આંતરિક આનંદથી અમારૂં સ્વાગત કરી તેમણે રાજભક્તિની પરાકાષ્ટા બતાવી છે.

"લંડનથી કોન્સ્ટાંટીનોપલ જેટલું દૂર છે. તેટલો દૂર મુંબઇથી ખૈબરપાશ છે. એમ એટલે દૂર ભ્રમણ કરતાં ઉષ્ણતર પ્રદેશથી શીતપ્રધાન મૂલકમાં પહોંચ્યો. ત્યાંથી આલિમ મસીદ નામના દુર્ગે ગયો. ત્યાંના નિવાસીઓએ જાગીરદારોએ ત્યાંના દુમ્બા, ઉત્કૃષ્ટ મધ અંતરની ભક્તિથી આપ્યાં હતાં. આ સકલ અર્ધસભ્ય જંગલમય દેશની સાથે સુશોભિત દીલ્લી અને આગ્રાની તુલના થઈ શકે એમ નથી. એ દૃશ્યની તુલના જગતમાં અન્ય કોઈ સ્થળે મળે એમ નથી.

"અમે બનારસ અને ગ્વાલિઅેરમાં હાથીપર બેસી ફર્યા તે સમયના સરઘસના ઠાઠમાઠનો દેખાવ અને મહાસમારોહની અભ્યર્થના પૃથ્વીપર અન્ય દેશમાં સંભવતી નથી.

જાનેવારીમાં ભારતની રાજધાની કલકત્તામાં પ્રવેશ અમે કર્યો. ત્યાંનું સ્વાગત સર્વથી અતિ આદર, સહાનુભૂતિ અને રાજભક્તિ પ્રકાશક હતું. કલકત્તામાં અમે અમારી પિતામહીના સ્મૃતિ ચિહ્નરૂપ "વિક્ટોરિયા મેમોરીયમ હોલ" નો પાયો નાંખી ચરિતાર્થ થયા છીએ. આ મંદિરમાં અમારી પિતામહીના જીવનની અને રાજ્યશાસનની ઐતિહાસિક સ્મૃતિ સયત્ને

રક્ષિત રહેશે. આ સ્મૃતિચિહ્ન પ્રત્યેક ભારતવાસીના અંતરમાં રાજભક્તિ ઉદ્દીપ્ત રાખશે.

" કલકત્તાથી અમે બ્રહ્મદેશ ગયા, ત્યાંના લોકોનો સ્વભાવ, સામાજિક રીતિ નીતિ ભારતવર્ષથી સંપૂર્ણ ભિન્ન છે. રંગુનનો વિખ્યાત 'સ્વર્ણ પાગોડા'નો, અને માંડલેની ઈરાવતી નદીનો દૃશ્ય અતિ રમણીય છે. આ નદીપર ત્યાંની દેશી નૌકામાં ત્રણ દિવસ આરામથી વ્યતીત કર્યાં.

" બ્રહ્મદેશથી અમે મદ્રાસ ગયા. તમે સકળ જાણો છો કે ભારતસામ્રાજ્યની સ્થાપના સાથે મદ્રાસને નિકટ સંબંધ છે. ત્યાંથી અમે મહીસુર, સિલોન વગેરે સ્થળો જોઈ તમારી નિકટ ઉપસ્થિત થયા છીએ. આ ઉપરથી તમે જાણી શકશો કે કેવી રીતે ભારતવાસીઓએ અમારું સ્વાગત, અમારી અભ્યર્થના કરી છે. કેવી ઉત્તમ રીતે રાજભક્તિ બતાવી છે. તેઓની આન્તરિક ભક્તિશ્રદ્ધા ચિરકાલ સુધી અમારા હૃદયપર અંકિત રહેશે.

ભારતમાં પ્રવાસ કર્યાં પછી ના. યુવરાજ જ્યોર્જ ઇંગ્લાંડમાં સુખમાં સમય વ્યતીત કરવા લાગ્યા. વચ્ચે વચ્ચે મુસાફરી કરી વિવિધ દેશના આચાર, વિચાર, વ્યવહાર, રાજનીતિ સંબંધી માહિતી મેળવતા. જોત જોતામાં આ સુખનો સમય ચાલી ગયો. અને બ્રિટિશ સામ્રાજ્યને સમસ્ત ભાર તેમનાપર આવી પડ્યો.

વ્યાયામ અને વ્યસન.

મહારાજ જ્યોર્જ શારીરિક વ્યાયામના પ્રત્યેક વિષયમાં નિપુણ છે. ક્રિકેટ, ફુટબોલ, ટેનિસ, વગેરે રમતો અને મત્સ્યવિહાર આદિમાં તેમની બરાબરી કરે એવા થોડા જ છે. તેઓ યુવરાજ થયા પછી માર્લબરો મહેલમાં રહેતા, ત્યારે વ્યાયામ સંબંધી પુસ્તકો વાંચી તેમણે વ્યાયામનો આરંભ કર્યો હતો. એથી તેમનું શરીર બલિષ્ટ છે. શિકારનો તેમને અત્યંત શોખ છે. તેમાં તેમનો સિદ્ધહસ્ત છે. તેર વર્ષની ઉમરે તેમના પિતાશ્રીએ તેમને એ કાર્યની દીક્ષા આપી, ત્યારથી તેમણે તેમાં સારી નિપુણતા પ્રાપ્ત કરી છે. પૃથ્વી પર્યટણ વેળાએ જે જે દેશમાં તેઓ ગયા છે, ત્યાંના શિકારીઓને તેમણે પોતાની કુશળતા બતાવી છે. અને ઉત્કૃષ્ટ શીકારી તરીકે નામના મેળવી છે.

ભારતમાં પ્રવાસ સમયે જયપુરમાં શિકાર, એ તેમના જીવનનો એક પ્રસિદ્ધ બનાવ છે. તેઓ જયપુર પહોચ્યા ત્યાં સુધીમાં તેમણે વાઘનો શિકાર કર્યો ન હતો. જયપુરમાં તેમણે પ્રથમ વાઘનો શિકાર કર્યો. માત્ર તેમણે જ નહિ પરંતુ ત્રિશ વર્ષ પૂર્વે તેમના પિતાશ્રી ભારતવર્ષ પધાર્યા, ત્યારે તેમણે પણ પ્રથમ વાઘનો શિકાર જયપોરમાં કર્યો હતો. આ વાઘના શિકારમાં તેમણે લક્ષ્ય વેધમાં અપૂર્વ નિપુણતા અને અસીમ્ સાહસિકતા બતાવી હતી. યુવરાજના ઘાથી ઘવાયેલ વાઘ ઝડપથી દોડતો હતો. યુવરાજે પણ તેની પીઠ પકડી.

ઘણા યત્ન કરવા છતાં વાઘ દૂર ન્હાસી શક્યો નહિ. ચાલતા ચાલતાં તાકીને ગોળી છોડવી એ કઠિણ કાર્ય છે, અને વાઘના શિકાર માટે તો અતિશય દુર્ઘટ છે. છતાં તેમણે બંદુકની ગોળીથી વાઘને ભૂમિપાત કર્યો. આથી તેમની સાથેનો વર્ગ આશ્ચર્ય પામ્યો. આ શિવાય તેમણે એક વાઘ અને શુક-રનો શિકાર કર્યો હતો. ગ્વાલિયરમાં છ વાઘ, ૩ ચિતા અને બે શુકરનો શિકાર કર્યો હતો. ઉદયપુરમાં ૩ હાથેના ૪ શુક-રનો શિકાર એટલા અલ્પ સમયમાં કર્યો હતો, કે તે જોઈ સર્વ આશ્ચર્ય પામ્યા હતા.

બિકાનેરમાં તેમણે પક્ષિઓનો શિકાર કર્યો હતો. ત્યાં નાના જાતના અતિ સ્વરૂપવાન, મિષ્ટ કલરવ કરનાર પંખી છે. તેમના જેવાં પંખી અન્ય કોઈ સ્થળે નહિ હશે. આ શિકા-રમાં તેમને અત્યંત કૌતૂહલ અને આનંદ અનુભવ્યો હતો. આ પક્ષિઓના શિકારને માટે તેમના આવાસ નજીક કુંડ બાંધવામાં આવ્યા હતા. તેની આસપાસ વૃક્ષલતા આદિ એવી રીતે સજાવવામાં આવ્યાં હતાં, કે એક લતાકુસુમા-ચ્છાદિત કુંજવનનો ભાસ થતો હતો. યુવરાજના શિકારને માટે આ પ્રમાણે ગોઠવણ કરવામાં આવી હતી. તેઓ પોતાના સાથીઓ સાથે શિકાર કરવા ત્યાં પધાર્યા. તેઓ આ લતાકુંજમાં એક ન્હાની બંદુકથી અલ્પ સમયમાં ૨૦૭ પંક્ષીનો શિકાર કરવા સમર્થ નિવડ્યા, જ્યારે તેમના સાથી-માંથી સો ઉપર ભાગ્યે જ કોઈ શિકાર કરી શક્યું હશે. શિકા-

રમાં તેઓ ફલીભૂત થાય તો અતિ આનંદ મેળવે છે. પરંતુ તેમ ન થાય તો તેઓ તેને માટે ખેદ કરતા નથી.



બાલ્યકાળથી સર્વ પ્રકારની રમત ગમતમાં તેઓ આનંદ લે છે. પરિણત વયમાં પણ તેઓ પોતાનાં પુત્રકન્યાને

ફુટબૉલ, ટેનિસ, હૉકી, ક્રીકેટની મેચ જોવા લઈ જાય છે. નૌકા ચલાવવા હલ્લેસાં મારવાનો પણ તેમને શોખ છે. શારીરિક વ્યાયામથી શરીર બલિષ્ટ અને આરોગ્ય રહે છે, એટલું જ નહિ પણ મન પ્રફુલ્લ રહે છે.

સમ્રાટ્.

ઈ. સ. ૧૯૧૦ ના મે માસની ૬ ઠ્ઠી તારીખે આપણા સર્વજનપ્રિય ભક્તિભાજન સમ્રાટ્ એડવર્ડ સાતમા સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યને શોકસાગરમાં બૂડાડી આ લોક છોડી ચાલ્યા ગયા. પૃથ્વીના વિવિધ સ્થાનથી યુવરાજ જ્યોર્જ અને રાણીમાતા એલેકઝાંડ્રા પ્રતિ અસંખ્ય સાંત્વનાસૂચક તાર અને સંદેશા છૂટયા. વિષાદમગ્ન ભારતવર્ષે પણ સાંત્વના અને રાજ-ભક્તિસૂચક ટેલીગ્રાફ મોકલ્યો હતો. પતિવિયોગવિધુરા રાણી-માતા એલેકઝાંડ્રાએ એના ઉત્તરમાં પ્રજાને સંબોધી નીચે પ્રમાણે ઉત્તર મોકલ્યો હતો;–

"તમો ઇશ્વરોપાસના સમયે અમારૂં સ્મરણ કરજો. એથી અમને શાંતિ મળશે. હું મારા પુત્રને તમારા હસ્તમાં અર્પણ કરૂં છું. હું કહી શકું છું કે મારો પુત્ર સર્વદા તેના પિતાના પગલાનું અનુસરણ કરી ચાલશે. તમારી પાસે છેવટ એટલું માગવાનું કે કુમારના પિતા ઉપર તમારો જેવો અનુરાગ હતો, તેવોજ અનુરાગ એમના ઉપર પણ રાખજો. હું ધારૂં છું કે મારો પુત્ર અને પુત્રવધુ તમારા અનુરાગને પાત્ર નિવ-ડશે અને તે અનુરાગ સાચવી રાખવા યથાસાધ્ય યત્ન કરશે."

ગંભીર શોકમાં આનંદના સમાચાર આવ્યા, કે યુવરાજ

જ્યોર્જ "પંચમ જ્યોર્જ" વા જ્યોર્જ પાંચમા એ નામ ધારણ કરી ઇંગ્લાંડના રાજા અને ભારતવર્ષના સમ્રાટ્ થયા છે. પ્રજાજન આ સાંભળી ઉલ્લાસિત થયા.

સિંહાસનારૂઢ થતાં તેમણે જે ભાષણ કર્યું તે લક્ષમાં લેવા સરખું છેઃ–

"મારૂં અંતઃકરણ આજ એટલુંબધું ભરાઈ આવ્યું છે, કે મારાથી વિશેષ બોલાતું નથી. મારા પ્રિયતમ વડીલ, તમારા રાજાના દેહાવસાનના ખબર આપવાનું દુઃખકર કામ મારે ભાગે આવ્યું છે. આ પ્રમાણે સામ્રાજ્યને એકાએક કદિ ન પૂરાય એવી ખોટ પડી છે, તથાપિ પોતાની પ્રજાનું સુખ તે જ પોતાનુ સુખ અને તે વૃદ્ધિ કરવામાં પોતાને સુખી માનનાર પ્રિય રાજાના શોકને માટે શોક કરનાર મારી ભાવિ પ્રજાની મારા તરફ સહાનુભૂતિ છે એ જાણી મને આ દુઃખના પ્રસંગે સાંત્વના મળે છે. રાજાના મૃત્યુથી હું પિતૃસ્નેહથી વંચિત થયો છું, એટલું જ નહિ પણ પ્રિયતમ સુહૃદ્ અને સલાહકાર એવા મહત્વના દૃઢ સંબંધીથી વંચિત થયો છું. મારાં અત્યંત પ્રિય માતાના અતોનાત દુઃખમાં તેમના તરફ પ્રેમપૂર્વક સહાનુભૂતિ બતાવવામાં આવશે એવી મારી ખાત્રી છે. નવ વર્ષ પૂર્વે શ્રદ્ધાસ્પદ પિતૃદેવે આ સ્થળે ઉભા રહી અભિવચન આપ્યું હતું, કે "જ્યાં સુધી આ દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી પ્રજાના કલ્યાણને માટે, ઉન્નતિને માટે પરિશ્રમ કરીશ" એ અભિવચન તેમણે પૂર્ણપણે પાળ્યું હતું, એમ સમસ્ત રાષ્ટ્રનો અભિપ્રાય

થશે, એવી મારી ખાત્રી છે. તેમના પદાંકનું અનુસરણ કરી આ રાજ્યની નિયમબદ્ધ રાજ્યપ્રણાલીનું પાલન કરવું, એ જ મારા જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. મારા ઉપર જે મોટી જવાબદારી આવી પડી છે તે હું પૂર્ણપણે જાણું છું. આ જવાબદારીનું દુર્ઘટ કામ કરવામાં મને પાર્લામેન્ટ, આ બેટ અને સમુદ્રપારવર્તી મારા દેશના જનો મને સહાય કરશે અને ઈશ્વર આ ગુરુતર ભાર વહન કરવામાં મને શક્તિ અને બુદ્ધિ આપે તે માટે તેની પ્રાર્થના કરશે એવી મારી ખાત્રી છે. મારી પ્રજાના કલ્યાણાર્થે પ્રત્યેક પ્રયત્નમાં સતત સહાય કરે એવી સહધર્મિણી મને મળી છે તેથી મને આનંદ થાય છે."

રાજાનાં આવાં, વચનની આ ઘોષણા સાંભળી ઇંગ્લાંડ અને બ્રિટિશ સામ્રાજ્યના અધિવાસી લોકો અત્યંત સંતુષ્ટ થયા છે. સમ્રાટ્ જ્યોર્જને પાંચ પુત્ર અને પુત્રી છે.

એડવર્ડ આલ્બર્ટ	જન્મ	તા૦	૨૩	જૂન	૧૮૯૪
આલ્બર્ટ ફ્રેડરિક	જન્મ	તા૦	૧૪	ડીસેમ્બર	૧૮૯૫
વિકટોરિયા આલેકઝાંડ્રા	જન્મ	તા૦	૨૫	એપ્રિલ	૧૮૯૭
હેન્રી વિલ્યમ	જન્મ	તા૦	૩૧	માર્ચ	૧૯૦૦
જ્યોર્જ એડવર્ડ	જન્મ	તા૦	૨૦	ડીસેમ્બર	૧૯૦૨
જોન ચાર્લ્સ	જન્મ	તા૦	૧૨	જુલાઈ	૧૯૦૫

સમ્રાટ્ જ્યોર્જના વડીલ પુત્ર એડવર્ડ આલ્બર્ટ અત્યાર સુધી ડયુક ઓફ યોર્ક હતા, હવે તેઓ યુવરાજ એટલે પ્રિન્સ ઓફ વેલ્સ થયા છે. તેઓ પણ અત્યંત હોંશીઆર છે. ભવિષ્યને માટે સારી આશા આપે છે.

યુરોપના વર્તમાન રાજાઓમાં કોઈએ પણ આપણા સમ્રાટ **જ્યોર્જ** પાંચમાના જેટલી મુસાફરી કરી નથી. તેમણે બ્રિટિશ સામ્રાજ્યનાં પ્રત્યેક પ્રત્યેક સ્થળ જાતે જોયાં છે. તેમની સ્થિતિથી વાકિફગાર છે, પ્રત્યેક વિષયમાં તેઓ કુશળ છે. આવા સર્વ વિષયમાં અભિજ્ઞ સમ્રાટને માટે



કોઈ પણ પ્રજા મગરુરી લઈ શકે. **હિન્દુસ્તાન** આપણા સમ્રાટ **જ્યોર્જ**ને પ્રિયકર છે. અહીંની પ્રજાજનને સંતોષવા તેઓ અત્રે અહીં પધારનાર છે. તા૦ ૧૨ ડીસેમ્બરમાં તેઓ **દીલ્લીમાં** દરબાર ભરવાના છે, ત્યાં આનંદોત્સવ થવાનો છે.